# ગ્રીષ્મોત્સવમાં 'ગિરા ગુર્જરીના ગરવા ગીતો'ને ગાંધીનગરાઓએ મન ભરીને માણ્યા

## સંગીતકાર શ્રી ગૌરાંગભાઈ વ્યાસે 'સાવરીયો રે મારો સાવરીયો..' ની રચના વિશે રસપ્રદ વાતો વાગોળી




ગાંધીનગર

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના ત્રીજા દિવસે ગુજરાતી સુગમ સંગીતનો કાર્યક્રમ 'ગિરા ગુર્જરીના ગરવા ગીતો' યોજાયો હતો. ગુજરાતી સંગીતના વરિષ્ઠ સંગીતકાર શ્રી ગૌરાંગભાઈ વ્યાસના સંગીત સંચાલનમાં જાણીતા ગાયકોએ એક એક થી ચઢિયાતા ગીતો રજુ કરીને વાતાવરણને અલૌકિક - દિવ્ય બનાવી દીધું હતું. ગાંધીનગરના ૫૦૦૦ થી વધુ લોકોએ આ કાર્યક્રમને મનભરીને માણ્યો હતો.

'બેના રે સાસરીયે જાતાં જોજો પાંપણના ભીંજાય દીકરી તો પારકી થાપણ કહેવાય..' જેવી અમર રચનાના સંગીતકાર ગૌરાંગભાઈ વ્યાસે પોતાના એવા જ બીજા ઐતિહાસિક કમ્પોઝિશન 'સાવરીયો રે મારો સાંવરિયો' વિશે વાત માંડી હતી.. 'કવિ શ્રી રમેશ પારેખે મને જ્યારે આ ગીત આપ્યું ત્યારે એ અલગ મીટરમાં હતું. મેં રમેશ પારેખને કહ્યું કે, મને આ મીટર નથી ગમતું હું મારી રીતે બદલું તો ચાલશે ? રમેશ પારેખે મને કહ્યું, તમને ગમે તે કરો... અને મેં અત્યારના મીટરમાં ગીત બનાવ્યું.. ફિલ્મ 'નસીબની બલિહારી' માટે આ ગીત આશા ભોંસલે પાસે ગવડાવ્યું હતું પણ તે વખતે આ ગીત જરાય નહોતું ચાલ્યું... પણ વર્ષો પછી સુગમ સંગીતના કાર્યક્રમમાં આરતી મુનશીએ આ ગીત ગાયું અને આજે તો આ ગીત સુગમ સંગીતના કાર્યક્રમનું અવિભાજ્ય અંગ થઈ ગયું છે..'

ગુજરાતના ૮૦ વર્ષીય સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગૌરાંગભાઈ વ્યાસ અત્યંત લોકપ્રિય એવા 'સાવરીયો રે મારો સાવરીયો..હું તો ખોબો માંગું ને દઈ દે દરિયો...' ગીતના સર્જન પાછળની ગાથા કહી રહ્યા હતા.. શ્રી ગૌરાંગભાઈ વ્યાસે ૧૨૫ થી વધુ ફિલ્મોમાં સંગીત આપ્યું છે.. અડધી સદીથી વધુ લાંબી એમની કારકિર્દી દરમિયાન તેમણે અનેક સુપરહિટ ગીતો આપણને આપ્યા છે...

ગાંધીનગર કલ્ચર ફોરમના ગ્રીષ્મોત્સવના ત્રીજા દિવસે 'ગિરા ગુર્જરીના ગરવા ગીતો' નો કાર્યક્રમ યોજાયો હતો. આપણે ગળથૂથીમાં ઘૂંટી ઘૂંટીને પીધાં છે એવા ગુજરાતી ભાષાના ગીતો અને ગુજરાત ગૌરવ લઈ શકે એવા સુપ્રસિધ્ધ ગાયકો આરતી મુન્શી, કલ્યાણી કૌઠાળકર, ગાર્ગી વોરા, આનલ વસાવડા, સંપદા વોરા, શ્યામલ મુન્શી અને પ્રહર વોરાનો મહાસંગમ સર્જાયો હતો. શ્રી ગૌરાંગભાઈ વ્યાસના સંગીત નિદર્શનમાં આ કલાકારોએ ભારે જમાવટ કરી.. આરતીબેન મુન્શીએ ગૌરાંગભાઈની બાજુમાં બેસીને આજે ફરી 'સાંવરિયો...' ગાયું ત્યારે સમય જાણે કે થંભી ગયો હતો...!!!

સુગમ સંગીતના કાર્યક્રમો કંઈ નવી વાત નથી. આ જ ગાયકોના સેંકડો કાર્યક્રમો અનેક સ્થળોએ યોજાતા હોય છે, પરંતુ ગાંધીનગરમાં આજે આ કાર્યક્રમમાં કંઈક અલૌકિક... કંઈક દૈવી તત્વની અનુભૂતિ થઈ હતી.. 'કાનમાં પવન કહીને ચાલ્યો..દીકરી તો પારકી થાપણ કહેવાય.. ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં.. લીલી લીલી ઓઢણી ઓઢી.. વીજલડી રે.. આમ ઝબકીને હાલ્યા જવાય નહીં.. હે ઓધાજી મારા વાલાને વઢીને કહેજો.. અને હજુ રસભર રાત તો બાકી રહી ગઈ...' જેવી બેનમૂન રચનાઓથી આ કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો..

સૂત્રધાર કવિ શ્રી પ્રણવભાઈ પંડ્યાના સંચાલનમાં સુરીલી સરગમના શ્રી સલીલ મહેતાની આ પ્રસ્તુતિ અલૌકિક અને અભૂતપૂર્વ બની રહી..

# ગુડા નિર્મિત રાયસણની આવાસ યોજનામાં પાણીની પોકાર

## આકરી ગરમીમાં પાણી ન આવતા રહીશોમાં આક્રોશ : લીફ્ટ પણ બંધ હાલતમાં : અનેકવાર રજુઆતના અંતે પણ કોઇ પગલા ન લેવાતા રહીશો આગ બબુલા

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્માણ કરાયેલી આવાસ યોજનામાં હાલ લાભાર્થીઓનો વસવાટ છે. રાયસણ , ચિલોડા તેમજ અડાલજમાં ગુડા દ્વારા પ્રથમ મુખ્યમંત્રી આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ હાલ આ આવાસમાં રહેતા લાભાર્થીઓ દયાજનક સ્થિતિમાં છે. રાયસણમાં નદીકીનારે સ્થિત આવાસ યોજનાની જાળવણીના નામે મીંડુ છે. આ આવાસ યોજનામાં આકરી ગરમીમાં પાણી ન આવતુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.જયારે આવાસની લીફ્ટ પણ બંધ હાલતમાં છે. ગુડાની આવાસ યોજનાના રહીશો રામભરોસે છે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવે છે. અગાઉ પ્રથમ તબક્કામાં ગુડા દ્વારા રાયસણ , ચિલોડા તેમજ અડાલજમાં એલ આઇ જી આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી .જયારે આ યોજના અન્વયે ૧૧૦૦ જેટલા મકાનો ડ્રો પધ્ધતિને આધારે ફાળવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે લાભાર્થીઓને ફાળવવામાં આવેલા આ મકાનોમાં હાલ લાભાર્થીઓનો વસવાટ પણ છે. જયારે આ આવાસ યોજનાને અનુલક્ષી નજીકમાં જ દુકાનો પણ તૈયાર કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ દુકનો પણ યથાવત સ્થિતિમાં છે તૈયાર થયેલી દુકાનો લાંબા સમયથી બંધ હાલતમાં છે. જેના લીધે દુકાનો ઉપયોગના અભાવે ખંડેર બની છે. બીજીતરફ આવાસો પણ જાળવણીના અભાવે ખંડેર બનતા જાય છે. જેના લીધે રહીશો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. આવાસ યોજનાને અનુલક્ષી ફરજ બજાવતા સિક્યુરીટી દ્વારા પણ ગેટ પર ધ્યાન આપવામાં આવતુ નથી. ગુડાની આવાસ યોજના રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ગુડાના આવાસમાં શરૂઆતથી જ પાણી ટપકતુ હોવાની સાથે ધાબાની ટાંકીઓ પણ ઉભરાતા પાણીનો બગાડ થતો હોવાની ફરિયાદો પણ વ્યાપક બની હતી. જયારે આજે પણ ગુડાના આવાસમાં લીકેજીસની સમસ્યાથી રહીશો તોબા પોકારી ગયા છે. ગુડાની આવાસ યોજનામાં વારંવાર લીફ્ટ પણ બંધ થઇ જતા સિનિયર

# શહેરમાં પાણીમાં કલોરીનેશન માટે સેમ્પલ સર્વે હાથ ધરાયો

## સેકટરોમાં પાણીની ગુણવત્તા જળવાઇ રહે તે માટે કલોરીનેશનનુ પ્રમાણ જાળવવા સતત નમુનાની ચકાસણી

ગાંધીનગર તા ૭

શહેરમાં આકરી ગરમીમાં પાણીનો ફોર્સ વધારી દેવાયો છે. ગરમીમાં પાણીનો ઉપયોગ વધવાની સાથે જરૂરિયાત વધતા સેકટરોમાં નર્મદાના પાણી ઉપરાંત બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં પાણી ફાર્સથી સપ્લાય કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. બીજીતરફ પાણીની ગુણવત્તાના મામલે પણ અનેકવાર સવાલો મંડરાતા પાણીમાં કલોરીનેશનની માત્રા વધારવામાં આવી છે. આમછતા આકરી ગરમીમાં કલોરીનેશન સામે પણ અનેકવાર સવાલો મંડરાય છે. ત્યારે પાણીના નમુના લઈ કલોરીનેશનની ચકાસણી અર્થે લેબમાં મોકવવા માટે પણ કામગીરી હાથ ધરાઈ છે. પાણીમાં સુપરકલોરીનેશન માટે પણ સુચના આપવામાં આવી છે. જેને અનુલક્ષી સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા માટે પણ તંત્ર દ્વારા રોજબરોજ નમુના લેવામાં આવી રહ્યા છે. સેકટરોમાં અનેકવાર ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો પણ સ્થાનિકોના રોષનુ કારણ બને છે. ત્યારે પાણીની ગુણવત્તા મામલે અનેકવાર સવાલો મંડરાય છે. ઉનાળાની આકરી ગરમીમાં રોગચાળો ન ફેલાય તે માટે પણ તંત્ર દ્વારા પાણીના નમુનાની યોગ્ય ચકાસણી માટે સજાગતા દાખવી રોજબરોજ સેકટરોમાં સર્વે હાથ ધરવામાં આવે છે. ગરમીમાં પાણીજન્ય રોગચાળાને કાબુમાં રાખવા માટે વધતા પાણી પુરવઠાના સપ્લાય સામે ગુણવતાનો મામલો પણ મુખ્ય બન્યો છે. ત્યારે સેકટરોમાં સેમ્પલ સર્વેના અંતે કલોરીનેશનની માત્રા પણ ચકાસવામાં આવ રહી છે.

# શહેરમાં વરસાદી દિવસો પુર્વે સુકાયેલા અને જોખમી વૃક્ષો દુર કરવામાં આવશે

## સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ નમી પડેલા જોખમી વૃક્ષોને દુર કરવા માંગ

ગાંધીનગર તા ૭

શહેરમાં વનતંત્ર દ્વારા આગામી વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે પુરતી તૈયારી કરી દેવામાં આવી છે. આ અન્વયે સેકટરોમાં ખુલ્લી જગ્યામાં ખાડા પણ કરી દેવાયા છે. ત્યારે રોપાઓની જાળવણી માટે મુખ્યમાર્ગો પર વન આરક્ષિત જગ્યાને અનુલક્ષીને ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે. જયારે બાકી રહતા માર્ગો આસપાસ પણ ફેન્સીંગ કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. બીજીતરફ વરસાદી દિવસો હવે નજીકમાં આવતા જાય છે તેમ વનતંત્ર દ્વારા શહેરમાં ભયજનક વૃક્ષોનો સર્વે પણ કરવામાં આવી રહ્યો છે. હરિયાળી વનરાજીથી ઘેરાયેલા સેકટરોમાં ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. અલબત્ત સુકા અને નમી પડેલા વૃક્ષોને દુર કરવા માટે પણ તંત્ર દ્વારા સમયાંતરે કામગીરી હાથ ધરવામાં આવે છે. જેને અનુલક્ષી હાલ પણ આ મામલે સર્વે કરવામાં આવી રહ્યો છે. અગાઉ પણ સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જયારે શહેરમાં હજુ પણ સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આગામી દિવસોમાં આ પ્રકારના વૃક્ષોને દુર કરાશે.

આ ઉપરાંત નમી પડેલા અને અત્યંત ભયજનક વૃક્ષોની પણ કટોતી કરવામા આવશે. શહેરમાં વરસાદી દિવસોમાં વૃક્ષો ધરાશયી થવાના બનાવો વિશેષ ધ્યાને આવે છે. જયારે અગાઉના વર્ષોમાં વૃક્ષો પડવાના લીધે અકસ્માતમાં યુવાનનો ભોગ લેવાયો હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી હતી.જયારે વૃક્ષો પડવાના લીધે અનેકવાર રાહદારીઓને ઈજાઓ થતી હોવાના બનાવો પણ ધ્યાને આવ્યા છે. ત્યારે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવાની સાથે આ પુર્વે જુના અને જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવશે. શહેરમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ નમી પડેલા અને જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી ત્વરિત દુર કરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

# પંચાયતીરાજને વધુ લોકાભિમુખ બનાવવા પર ભાર મુકતા ડી.ડી.ઓ.

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં પંચાયતીરાજને વધુ લોકાભિમુખ બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે શાખાધિકારીઓની બેઠકમાં વિશેષ ભાર મુક્યો હતો.

તેમણે જણાવ્યુ કે વિવિધ યોજનાના લક્ષ્યાંકો નિયત કરી અને તે અંગેનું આયોજન ૨૦મી સુધીમાં પૂર્ણ કરી દેવુ જેથી આચારસંહિતા પૂર્ણ થતાં જ ઝડપથી વિકાસના કામો હાથ ધરી શકાય.

રાવલે ખાસ કરીને તકેદારી આયોગના જે પ્રકરણો બાકી હોય તેનો પણ આ સપ્તાહમાં નિકાલ કરવા માટે તાકીદ કરી હતી. તેમણે જિલ્લામાં જે વિકાસના કામો અટકેલાં છે તેમાં ગતિ લાવવા ઉપરાંત નવા નાણાંકીય વર્ષના આયોજનો તૈયાર કરી દેવા પર ભાર મુક્યો હતો.

૧૪મા નાણાપંચની ગ્રાન્ટો પુરેપુરો ઉપયોગ થાય તેમજ તે ગ્રાન્ટના કામો સ્પીલ ઓવર ના થાય તે જોવા માટે પણ આગ્રહ કર્યો હોવા ઉપરાંત યુટીસી સમયસર મળી જાય તે માટેની વ્યવસ્થા પર ભાર મુક્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ જે પત્રો મળ્યો છે તેનો પણ સમય મર્યાદામાં નિકાલ થાય તે પર ખાસ ભાર મુક્યો હતો. આ ઉપરાંત પંચાયતી રાજને વધુ લોકાભિમુખ બનાવવા અંગે પણ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા. તેમણે ઓડિટ પેરા તેમજ એસ.એફ.ની ક્વેરીઓ પણ ઝડપથી પૂર્ણ કરવા પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત પેન્શન પેપરના કેસોનો નિકાલ ઝડપી બને તેમજ રજાનું રોકડ રૂપાંતર જેવી રકમો નિવૃત્તિ સમયે જ કર્મચારીને પ્રાપ્ત થાય તે જોવા પર આગ્રહ કર્યો હતો.

# સ્વચ્છતા સર્વેક્ષણ માટે આગામી મહિને ટીમ ગાંધીનગર આવી રહી છે

## મનપાએ પણ સ્વચ્છતા અભિયાન માટે નવો રોડમેપ તૈયાર કરવાની કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં આગામી માસમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટેની ટીમ આવી રહી હોવાની વાતોને લઈ તંત્રએ હવે સ્વચ્છતા અને તેને આનુસંગિક બાબતોને લઈ કાર્યવાહીને વધુ ગતિ આપવાનું શરૂ કર્યુ છે.

શહેરના આંતરિક વિસ્તારોમાં એપ્રિલથી હાથ ધરાયેલ સફાઈ અભિયાન આમ તો અંતિમ તબક્કામાં છે પણ આ પછી વધુ એકવાર આવુ જ સઘન અભિયાન હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મનપાને આંતરિક સફાઈ અભિયાન દરમ્યાન ૬૦૦ ટનથી વધુ કચરો પ્રાપ્ત થયો છે આ ઉપરાંત દૈનિક ૧૦૦ ટન જેટલો કચરો જે પ્રાપ્ત થાય છે તેના નિકાલ માટેની ડમ્પીંગ સાઈટનો મુદ્દો પણ સતાવી રહ્યો છે.

આ ઉપરાંત ઓડીએફ થયેલ શહેરમાં શૌચાલયોની સફાઈ તેમજ તેનુ મોનીટરીંગ પણ કરવા માટેના સ્ટાફની અછતનો મુદ્દો પણ ચિંતાનું કારણ બનેલ છે. તંત્રએ જાહેરસ્થાનો પર લગાવવામાં આવતાં બેનર, હોર્ડિંગ્સ, પ્લેમ્ફલેટ વગેરેને લઈ નોટીસ આપવાની કામગીરી પણ હાથ ધરી છે.

શહેરમાં સ્વચ્છતા મિશનની મળેલ ગ્રાન્ટ અપુરતી છે તો મનપાના સફાઈના દરો પણ અન્ય શહેરોની તુલનામાં ઓછા હોવાથી મનપાને આર્થિક ભારણ વધી રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાના તંત્રએ હવે ડોર ટુ ડોર કચરા કલેક્શનની ગાડીઓમાં જી.પી.એસ. સિસ્ટમ પણ લગાડવાનો નિર્ણય કર્યો છે.

શહેરને સ્વચ્છ બનાવવા માટે બ્રાન્ડ એમ્બેસેડરો પણ વોર્ડવાઈઝ મુકવા માટેની હિલચાલ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. શહેરની સ્વચ્છતા માટે તંત્ર દ્વારા એક ખાસ બેઠક સ્વૈચ્છીક સંસ્થાઓ, ઉદ્યોગો તેમજ સામાજિક આગેવાનોની યોજનાની પણ વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

આચારસંહિતા ઉઠતાં જ સ્વચ્છતા સર્વેક્ષણની તૈયારી માટેની કામગીરીમાં ગતિ આવશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.



ગટર તારા વહેતા પાણી - ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી ગટર ઉભરાવવાની ફરિયાદો જોવા મળે છે... નવા ગાંધીનગરમાં તો હમણાં જ રિલાયન્સ ચોકડી પાસે વાણિજ્ય સંકુલ પાસે ગટર ઉભરાતી હતી... કહેવાય છે કે, હજી તો એના કોઈ ઠેકાણા પડ્યા નથી... અને બીજી તરફ સેક્ટર-૨૧ શાકમાર્કેટના પાછળના ભાગમાં ગટર ઉભરાઈ રહી છે... જ્યાંથી ખાણીપીણી અને શાકભાજી ખરીદવામાં આવે છે એ જ વિસ્તારમાં આવી રીતે ગટરનું ગંદુ પાણી ફરી વળતું હોય તો પછી આરોગ્ય સામે પણ ખતરો ઉભો થઈ શકે તેમ છે એવો ભય નાગરિકો સેવી રહ્યા છે....

# જિલ્લાના આરોગ્ય અંગે આજે આરોગ્ય નિયામક આખો દિવસ સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા અને મનપાની જાહેર આરોગ્યની સેવાઓ અંગે તેમજ આગામી વર્ષ દરમ્યાન આ સેવાઓના સઘનીકરણ માટે કરાયેલ આયોજનની આજે રાજયના આરોગ્ય કમિશ્નરની કચેરીના નિયામક પરેશ દવે દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આ સમીક્ષા માટે ખાસ પાવરપોઈંટ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યુ છે. ગત વર્ષ દરમ્યાન વિવિધ યોજનાકીય સેવાઓ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ તેમજ આર્થિક લક્ષ્યાંકની વિગતો દર્શાવવામાં આવશે.

જિલ્લાતંત્રએ આ વખતે વિવિધ યોજનાકીય સેવાઓનો વ્યાપ માટે દરેક કેડર પાસેથી ખાસ સૂચનો મેળવી અને આખો રોડમેપ તૈયાર કર્યો છે જેથી કોઈપણ પ્રકારની કોઈ ત્રુટી રહી ના જાય. સરકાર દ્વારા ફાળવવામાં આવેલ નાણાંનો પણ પુરેપુરો ઉપયોગ થાય.

આ સમીક્ષા બેઠકમાં મનપા દ્વારા પણ બે ભાગમાં વિગતો રજુ કરવામાં આવનાર છે.

જિલ્લામાં રોગચાળાની સ્થિતિ તેમજ આગામી દિવસોમાં મેલેરિયા નાબુદી માટેની કાર્યયોજના અને દવા છંટકાવ માટે પસંદ કરાયેલા ગામો તેમજ તેને આનુસંગિક બાબતો અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસો અંગે પણ વિસ્તૃત સમીક્ષા ઉપરાંત ભારત સરકારે હીટવેવને ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ મુક્યા પછી તંત્રએ એક્શન પ્લાન બનાવ્યો તો અમલીકરણની સફળતા સહિતની બાબતો પણ આ બેઠકમાં ચર્ચામાં આવશે.

આ બેઠકમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી, મનપાના આરોગ્ય અધિકારી તેમજ પ્રોગ્રામ ઓફિસરો અને આરોગ્યના અધિકારીઓ હાજર રહેશે.

# ગીરના ૮ સિંહોને યુપીના ગોરખપુર ઝૂમાં મોકલાશે

ગાંધીનગર,તા. ૭

સમગ્ર વિશ્વમાં જાણીતા અને ગુજરાતના ગૌરવ સમા ગીરના આઠ એશિયાટીક લાયન(સિંહ)ને ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં નવા બની રહેલા ઝૂમાં મોકલવામાં આવશે. ગીરના આ આઠ સિંહોને ઉત્તરપ્રદેશના ગોરખપુર ઝુમાં મોકલવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ મંજૂરી પણ આપી દીધી છે. ૮ સિંહોમાં બે નર અને છ સિંહણનો સમાવેશ થાય છે. ટૂંક સમયમાં આ સિંહોને ગોરખપુર વિમાન મારફતે લઈ જવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે. જો કે, આપણા ગીરના આઠ સિંહોને ગોરખપુર ઝુમાં ખસેડવાની મંજૂરી અપાતાં ગુજરાતના કેટલાક સિંહપ્રેમીઓ અને વન્યપ્રેમીઓમાં નારાજગીની લાગણી પણ ફેલાવા પામી છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

અખાત્રીજથી શુભારંભ...
હાઇ-કેર ફાર્મસી (સેક્ટર-૨૪ વાળી)
ડો. કિરીટ એસ પટેલ (સેક્ટર-૨૪ વાળા)
એમબીબીએસ (સિનિયર ફેમિલી-ફિઝીશિયન)
નિરમયા મેડિકલ હબ
ક્લિનિક-૨ : પ્લોટ નં. ૧૨૮૨, ઘ-૩ સર્કલ, એચપી પેટ્રોલપંપની પાછળ, સેક્ટર-૬, ગાંધીનગર
સમય- સવારે ૮.૩૦ થી ૯.૩૦, સાંજે ૪.૩૦ થી ૬.૦૦
(અહીં રૂદેવ સુપર સ્પેશ્યાલિટી ચાલુ કરવામાં આવી છે)
ક્લિનિક-૨ : પ્લોટ નં. ૨૦૫, આનંદનગર, ગ-૬ સર્કલ પાસે, સેક્ટર-૨૪ ચોકડી, સેક્ટર-૨૭, ગાંધીનગર
સમય- સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ (સોમ થી શનિ), સાંજે ૬.૩૦ થી ૮.૩૦ (રવિવારે રજા)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com